dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

March 2011 For private circulation only Vol. 03 - Issue 54

માનવીના જીવન માટે જેટલું શિક્ષણનું મહત્વ હોય છે, તેટલી જ અગત્યની બાબત છે "સંસ્કાર સિંચન". સંસ્કારોનું સિંચન કરીને માનવીનું ઘડતર કરવાની અનોખી પરંપરા આપણી સંસ્કૃતિએ ઉભી કરી છે, અને આ જ સંસ્કારોની શકિત વડે આપણી માતૃભૂમિ-ભારતમાતાની રક્ષા થતી રહી છે, ભારતમાને કાજે મરી ફીટવાની પ્રેરણા પણ એ જ સંસ્કારોએ આપી છે... આપણા સમૃધ્ધ સંસ્કારોના સંદેશા સાથે આપણા શૌર્યવાન લડવૈયાઓના જીવનની સહુ કોઈને પ્રેરણા મળે તે માટે પ્રયાસો જરૂરી છે અને નવી પેઢીમાં રાષ્ટ્રભકિતની પાવક જવાળા પ્રગટે તે જરૂરી છે.

નરેન્દ્ર મોદી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

સ્વર્ણિમ ગુજરાતની ઊજવણી તેના અંતિમ ચરણોમાં છે. 'ગુજરાતની અસ્મિતા'ને ઉજાગર કરનાર મહામાનવોને ભાવાંજલિ આપવાનું પુણ્ય કાર્ય થઈ રહયું છે જેથી ભાવિ યુવા પેઢીને પોતાના સામર્થ્યવાન ઈતિહાસમાંથી રાષ્ટ્રીય તથા ગુર્જર ભાવના પ્રગટી પેઢી દર પેઢી અકબંધ જળવાઈ રહે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ઈતિહાસ તરફ નજર કરીએ તો ગુજરાત અહિંસક વિચારધારાથી સ્વતંત્રતાની પ્રાપ્તિ તેમજ સશસ્ત્ર ક્રાંતિની વિચારધારાથી સ્વરાજયની પ્રાપ્તિ એ બન્ને દ્રષ્ટિએ આદ્ય ગણી શકાય. અહિંસક વિચારધારાના આગ્રહી મહાત્મા ગાંધી અને સશસ્ત્ર ક્રાંતિની મશાલ પકડનાર પ્રથમ તત્ત્વચિંતક પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા બન્ને ગુજરાતી. આઝાદી બાદ ઈરાદાપૂર્વક સશસ્ત્ર ક્રાંતિના ઈતિહાસનો મહિમા તથા તેને લગતું સાહિત્ય ઓરમાયું રહયું. આ સશસ્ત્ર ક્રાંતિના જનક એવા શ્યામજી કૃષ્ણ વર્માની પુણ્યતિથિ ૩૧મી માર્ચ પ્રસંગે પુણ્ય સ્મરણ કરીએ.

વતનથી દૂર રહી વિદેશોમાં સશસ્ત્ર સંગ્રામની જયોત પ્રગટાવનાર તથા આજીવન જાળવી રાખનાર ત્રણ ગુર્જર રત્નો એટલે પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા, સરદારસિંહ રાણા અને મુંબઈમાં જન્મેલાં પારસી મહિલા ભિખાઈજી કામા (મેડમ કામા). આ ત્રણેના સંયુકત પ્રયત્નોથી ઈંગ્લેંડ, ફ્રાંસ તથા જર્મનીમાં લાંબાગાળા સુધી ક્રાંતિ કથા રચાતી રહી અને તેની અંતિમ કડી સુભાષચંદ્ર બોઝ દ્વારા સ્થાપિત આઝાદ હિંદ ફોજમાં જોવા મળે છે.

૧૮૫૭ની સશસ્ત્ર ક્રાંતિનો આરંભ મંગલ પાંડેએ મેરઠની છાવણીમાં કર્યો તે જ વર્ષની ચોથી ઓકટોબરે માતા ગોમતીબહેનની કુખે કચ્છના માંડવી નગરની સાંકડી ગલીઓમાંની એક એવી લીમડાવાળી શેરીમાં ભાનુશાલી કોમના કૃષ્ણદાસ ભણશાળીને ત્યાં શ્યામજીનો જન્મ. કૃષ્ણદાસ માંડવીથી વિદેશ જતી કાપડની ગાંસડીઓ બાંધવાની મજૂરી કરતા. પછીથી ઉદ્યોગ પડી ભાંગતાં તેમણે મુંબઈમાં મજૂર મુકાદમ તરીકે કામ કર્યુ. કૃષ્ણદાસને લોકો 'ભૂલો ભણશાળી' તરીકે જ ઓળખતા. શ્યામજીની માતા તેમના જન્મ પછી દસ વર્ષે મૃત્યુ પામ્યાં. માનું મૃત્યુ તથા પિતા મુંબઈમાં, એટલે શ્યામજીનો ઉછેર મોસાળ ભૂજમાં નાનીમા પાસે થયો. ભૂજમાં મ્યુનિસિપલ દીવાના અજવાળે અભ્યાસ ચાલ્યો. કચ્છમાં પ્રથમ કન્યાશાળા સ્થાપનાર શ્રેષ્ઠી મથુરાદાસ લવજી શાળામાં પધાર્યા. જ્ઞાનભૂખ્યા મુંબઈ સ્થિત માંડવીના આ શ્રીમંતે તેજસ્વી શ્યામજીને મુંબઈની વિલ્સન હાઈસ્કૂલ, એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલ તેમજ વિશ્વનાથ શાસ્ત્રીની સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસની વ્યવસ્થા ગોઠવી આપી. ૧૮૭૪માં સ્વામી દયાનંદ સરસ્વતી સાથે તેમની મુલાકાત થઈ. થોડોક સમય આર્યસમાજના પ્રચારકની કામગીરી કરતાં ઓકસફર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના વિદ્વાન મોનિયેર વિલિયમ્સ દ્વારા તેમના મદદનીશ તરીકે લંડનમાં કામ કરવાનું આમંત્રણ મળ્યું. ગર્ભ શ્રીમંત પરિવારનાં તેમનાં પત્ની ભાનુમતીએ પિતાજી પાસેથી રકમ મેળવી આપી, શ્યામજી લંડન ગયા. બેલિયલ કોલેજમાં સ્નાતક થઈ તે જ કોલેજમાં સંસ્કૃતના અધ્યાપક બન્યા. બે વર્ષ બાદ ઓકસફર્ડમાં 'બેરિસ્ટર-એટ-લો' ની પદવી મેળવી. શ્યામજી ઑકસફર્ડના પ્રથમ ભારતીય સ્નાતક બન્યા. મોનિયેર વિલિયમ્સે આજીવન ભારતીય સંસ્કૃતિની આરાધના કરી જે શબ્દકોશ તૈયાર કર્યો તેમાં તેમણે શ્યામજી વિશે લખ્યું, "સંસ્કૃતનું તો તેમને ભવ્ય જ્ઞાન છે જ, ગ્રીક અને લેટિનનો યે આદરણીય સમન્વય આ પંડિતે જે રીતે કર્યો છે તેવો બીજો કોઈ વિદ્વાન હોય એ હું જાણતો નથી. ભારતમાંથી અહીં આવનાર એ પ્રથમ સંસ્કૃત પંડિત છે."

અભ્યાસ પૂર્ણ કરી શ્યામજી ભારત પરત આવ્યા. મુંબઈમાં હાઈકોર્ટના એડવોકેટ તરીકે નોંધણી કરાવી. ત્યારબાદ થોડોક સમય રતલામના મહારાજાના દિવાન બન્યા. અજમેરની એજન્સીમાં વકીલાત કરી. ઉદયપુરના મહારાજાના સલાહકાર તરીકેની કામગીરી કરી. ત્યારબાદ છેલ્લે જૂનાગઢના મુસ્લિમ નવાબના દિવાન બન્યા. રાજકીય ખટપટનો ભોગ બન્યા. સ્વમાનપૂર્વક આ પદ પણ છોડયું. લોકમાન્ય ટિળક સાથે વિચારવિમર્શ કર્યો. ઉદયપુરના મહારાજા સાથે મસલતો કરી છેલ્લે નિર્ણય કર્યો : વિદેશ જવું અને ત્યાંથી બગાવતનો ઝંડો ફરકાવવો. ૧૮૯૭માં એમણે પત્ની ભાનુમતી સાથે ભારત છોડયું. ૧૮૯૭ થી ૧૯૩૦ સુધીના ત્રણ દાયકાથી વધુ વર્ષો સુધી શ્યામજી કૃષ્ણ વર્માએ સ્વાતંત્ર્યની લડતનું જે કાર્ય કર્યુ તે આપણી આઝાદીનો ગૌરવપૂર્ણ ઈતિહાસ છે.

વિદ્વાન પ્રોફેસર હર્બર્ટ સ્પેન્સરના વિચારોનું ભારે આકર્ષણ શ્યામજી પર હતું. તેમણે સ્પેન્સર સાથે અનેક મુલાકાતોમાં ચર્ચા કરી. તે સમયે સ્પેન્સરે મીઠા પરનો કરવેરો, જમીનની અડધી ઉપજની કર વસૂલાત, દેશી સિપાહીઓનો ઉપયોગ કરી ગુલામી વધારવા જેવી અનેક બાબતોનો વિરોધ કરેલો. પ્રોફેસર હર્બર્ટ સ્પેન્સરનું એક વાકય તેઓ વારંવાર લેતા. "Resistence to aggression is not simply

justifiable but imperative. Non-resistence hurts both altruism and egoism." હર્બર્ટ સ્પેન્સરના માનમાં તેમણે ૧૦૦૦ પાઉન્ડની 'સ્પેન્સર સ્કોલરશિપ' જાહેર કરી. ત્યાર બાદ દયાનંદ સરસ્વતીના સ્મરણાર્થે રૂપિયા ૨૦૦૦ની એક એવી પાંચ શિષ્યવૃત્તિઓ જાહેર કરી. આ શિષ્યવૃત્તિની શરત હતી બ્રિટીશ નોકરી, દરજ્જો કે સેવા સ્વીકારવી નહીં.

ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થવા તથા વિદેશથી સ્વતંત્રતાની લડત ચલાવવા તેમણે ત્રણ માળનું, સભાગૃહ, વાંચનાલય તથા ૫૦ વિદ્યાર્થી રહી શકે તેવું "ઈન્ડિયા હાઉસ" નામક મકાન ખરીદી ભારતીય વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી. ત્યાંથી હોમરૂલ સોસાયટીની સ્થાપના, 'ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ' માસિક પત્રનો આરંભ, ભારતથી આવતા દેશભકત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને અન્ય વ્યવસ્થા જેવી સવલતો પૂરી પાડી. તેમની આ કામગીરીમાં લીંબડી રાજયના કંથારીયાના વતની સરદારસિંહ રવાભાઈ રાણા (ભાવનગરના વર્તમાન સાંસદ શ્રી રાજેન્દ્રસિંહ રાણાના વડદાદા) તથા માદામ કામા પણ જોડાયાં. લોકમાન્ય ટિળકની ભલામણથી વીર સાવરકર પણ ઈન્ડિયા હાઉસમાં રહી ભણ્યા. મદનલાલ ધિંગરા દ્વારા લોર્ડ કર્ઝન વાયલીની હત્યા બાદ 'ઈન્ડિયા હાઉસ'ની પ્રવૃત્તિઓ મંદ પડી. શ્યામજી કૃષ્ણ વર્મા દ્વારા પ્રકાશિત માસિક 'ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ'-રાજનીતિ, સમાજ તેમજ ધર્મની સુધારણા અને સ્વતંત્રતાનું મુખપત્ર હતું. તેના દરેક અંકના પ્રથમ ખાતે સ્પેન્સરનું વાકય છપાતું "Every man is free to do that which he wills, provided he infringes not the equal freedom of any other man." એક પેનીની કિંમતનું આ સામયિક બોમ્બ કરતાં વધારે ખતરનાક ગણાતું. એપ્રિલ ૧૯૦૬ના અંકમાં "ઈન્ડિયા હાઉસ"માં છાત્રવૃત્તિ મેળવનારની યાદી પ્રસિધ્ધ થયેલી હતી. જેમાં : શિવાજી ફેલોશિપ-વિનાયક દામોદર સાવરકર, રાણા પ્રતાપ ફેલોશિપ-કનૈયાલાલ વર્મા, હર્બર્ટ સ્પેન્સર ફેલોશિપ પરમનાથ ચેટરજી, સ્વામી દયાનંદ ફેલોશિપ-મોઈનુદ્દિન અહમદ, અકબર ફેલોશિપ-સી.એન.પ્રભાત વિગેરે મુખ્ય છે. જાન્યુઆરી-૧૯૦૫થી શરૂ થયેલ આ મુખપત્ર પર ભારતમાં સપ્ટેમ્બર-૨૦૦૭થી પ્રતિબંધ મુકાઈ ગયો હતો. ૧૯૦૫થી ૧૯૨૩ સુધીના 'ઈન્ડિયન સોશ્યોલોજિસ્ટ'ના અંકોમાં "ઈન્ડિયા હાઉસ"માં ક્રાંતિકારીઓનાં પરાક્રમો તથા કાર્યક્રમોના ઈતિહાસની તવારીખ મળે છે.

ઈન્ડિયન સોશ્યોલોજિસ્ટ પર 'રાજદ્રોહ'ના આરોપ નીચે તવાઈ આવતાં શ્યામજીએ પેરિસમાં સ્થળાંતર કર્યું. જયાં તેમને નિઃસંતાન પત્ની ભાનુમતિ સાથે એકાંકી જીવન ગાળ્યું. છેલ્લે, લોકમાન્ય ટિળકની સ્મૃતિમાં 'અસહકાર આંદોલન વ્યાખ્યાનમાળા' શરૂ કરવા તેમણે ગાંધીજીને લખ્યું હતું પણ કોઈ પ્રતિસાદ ન મળ્યો. ૧૯૩૦ની એકત્રીસમી માર્ચે એકાંકી અને અટૂલા જીવન સંઘર્ષનો અંત આવ્યો અને એક વિદ્વાન અને ક્રાંતિકારી ગુર્જર સપૂતનો જીવનદીપ બૂઝાઈ ગયો. ત્રણ વર્ષ પછી શ્રીમતી ભાનુમતી શ્યામજીનું પણ દેહાવસાન થયું હતું.

સરદાર સિંહ રાણા અને જર્યોજ હિસ્સે ભેગા મળી પેરિસમાં પંડિત શ્યામજી કૃષ્ણ વર્માનું વસિયતનામું તૈયાર કર્યું હતું. દંપતિની અંતિમ ઈચ્છા મુજબ તેમના અસ્થિ ૧૦૦ વર્ષ સુધી સાચવવાની વ્યવસ્થા તેમાં કરવામાં આવેલી. જેથી ભારત સ્વતંત્ર થયા બાદ તેમના અસ્થિ દેશમાં લાવવામાં આવે. આ અસ્થિ ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭થી માતૃભૂમિની સ્વતંત્ર ધરતીની હવામાં પોઢવા માટે રાહ જોતાં હતાં. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, ૭૩ વર્ષ પછી અસ્થિ જાળવનાર મિસ્ટર હિસ્સ પાસેથી મેળવી ૨૦૦૩ના ૪ સપ્ટેમ્બરે પરત લાવ્યા. કચ્છની ધરતીને પોતાનો ગૌરવપુત્ર શામુ પરત મળ્યો.

અસ્થિ સ્થાપનના સાક્ષી વરિષ્ઠ પત્રકારશ્રી વિષ્ણુ પંડયા લખે છે, "શ્યામજી કૃષ્ણવર્માના અસ્થિ સ્થાપનની આ પ્રચંડ સભામાં, હું અમારા મિત્ર અને મુખ્યમંત્રીની જવાબદારીનું વહન કરતા નરેન્દ્રભાઈ મોદીને ધ્યાનપૂર્વક સાંભળી રહયો હતો. મને ખબર છે કે અસંખ્ય મુશ્કેલીઓ, પડકારો અને વિવાદોથી ઘેરાયેલા નરેન્દ્ર મોદીના મનમાં સંવેદનાનો એક ધોધ છુપાયેલો પડયો છે. લાગણીની ભાવનાનો ઉદ્વેગ અમુક પળે થતો હશે ! જયારે તેમણે અસ્થિ સ્વીકાર્યા ત્યારે, મુંબઈના વિમાનમથકે અસ્થિ પેટી ખભે ઊંચકીને ઉતર્યા ત્યારે, તેમણે એવું અનુભવ્યું હશે કે ઈતિહાસના કેવા મોટા ગજાના માણસનાં અસ્થિ અરધી સદી પછી સ્વતંત્ર ભારતની ધરતી પર પોતે સ્વ-દેશ લાવી રહયા છે ! ... અને કહયું કે 'જયારે ખભા પર શ્યામજીનાં અસ્થિ ઊંચકીને હું મુંબઈ એરપોર્ટથી બહાર આવ્યો ત્યારે મારા કાનમાં એ અસ્થિ જાણે કહેતાં હતાં - 'ભારત માતા કી જય.' જનસભા આખી આ ભાવના ભર્યા શબ્દોને સાંભળીને રોમાંચિત થઈ ગઈ."

આવા મહાન ક્રાંતિકારી વિશે ગુજરાતીમાં ખૂબ જ ઓછુ લખાયું છે. શ્યામજી કૃષ્ણ વર્માનું જીવન વૃત્તાંત લખવા સરદારસિંહ રાણાએ કનૈયાલાલ મુનશીને કામ સોંપેલું પણ વ્યસ્તતાને લીધે તેમણે ના પાડેલી. આ કામ ઈન્દુલાલ યાજ્ઞિકે ૧૯૩૪માં પૂરું કરેલું. પરંતુ તે છપાયું છેક ૧૯૫૦માં. ઈન્દુલાલ યાજ્ઞિક દ્વારા લખાયેલ આ ગ્રંથ અંગ્રેજીમાં-'Shyamji Krishna Varma-Life and Times of an Indian Revolutionary' લક્ષ્મી પબ્લીકેશન મુંબઈ દ્વારા ૧૯૫૦માં પ્રકાશિત થયેલ છે. આ ગ્રંથની પ્રસ્તાવના શરદ ચન્દ્ર બોઝ દ્વારા લખી આપવામાં આવેલ છે. પ્રસ્તાવનામાં તેઓ લખે છે : "It is the history of a generation that has passed away-the generation of fighters for India's freedom that was born at or about the time of first war of Indian Independence." ઈન્દુચાચાનું આ પુસ્તક તે સમયે કોઈ છાપવા તૈયાર ન હોતું. તેમના મિત્ર જયંતિ દલાલે તેમના સાપ્તાહિક જર્નલ 'ગતિ'માં તેનો અનુવાદ ૧૯૪૭-૪૮માં સળંગ છાપેલો. ગુજરાત રાજયની સરફરોશી પુસ્તક શ્રેણીમાં શ્રી વિષ્ણુ પંડયા દ્વારા પુસ્તક રૂપે "શ્યામજી કૃષ્ણ વર્મા"નો સંક્ષિપ્ત જીવનવૃત્તાંત પ્રકાશિત થયો છે.

શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી તેમની સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ રૂપે સ્થપાઈ છે તે આપણા સૌને માટે હરખનો વિષય છે. શ્યામજીને સાચી શ્રદ્ધાંજલિ આપવા માંડવીથી ૫ કિ.મી.ના અંતરે મસ્કા-ગુંદિયાળી ગામ નજીક દરિયા કિનારે ભવ્ય સ્મારક 'ક્રાંતિતીર્થ'નું લોકાર્પણ તા. ૧૨-૧૨-૨૦૧૦ના રોજ મુખ્યમંત્રીશ્રી દ્વારા કરાયેલ છે. ભારતના ભાવિ ઘડવૈયાઓને સુપરિચિત કરી રાષ્ટ્ર ભાવના જગવી તે દ્વારા રાષ્ટ્રીય ચારિત્ર્યનું ઘડતર થાય તથા ઈતિહાસની ધરબાયેલી વાતો સમાજ સમક્ષ પ્રગટે તેવી ભાવના સાથે પંડિત શ્યામજી કૃષ્ણ વર્માને કોટિ કોટિ વંદન.

૩૧ માર્ચ, ૨૦૧૧

બી. એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ગૌરવ



ગુજરાત સાયન્સ એકેડમી દ્વારા દર વર્ષે વિજ્ઞાનના તમામ વિષયો માટે રાજયકક્ષાએ મિનાક્ષી લલિત સાયન્સ એવોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૦ માટેની મિનાક્ષી લલિત સાયન્સ એવોર્ડની પરીક્ષા ગુજરાતની તમામ યુનિવર્સિટીઓમાં તારીખ ૩૦ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ યોજાયેલ હતી. જેમાં આંકડાશાસ્ત્ર વિષયમાં, યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગની વિદ્યાર્થિની કુ.રાદડિયા ધરતી આર. (એમ.એસસી. એપ્લાઈડ સ્ટેટીસ્ટીકસ, સેમીસ્ટર-૪) ને પ્રથમ અને વિદ્યાર્થી સાવલિયા કમલેશ એન. (એમ.એસસી.એપ્લાઈડ સ્ટેટીસ્ટીકસ, સેમિસ્ટર-૪) ને દ્વિતીય ઈનામ પ્રાપ્ત થયેલ છે. અહીં ઉલ્લેખનીય છે કે માત્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં જ એમ.એસસી.એપ્લાઈડ સ્ટેટીસ્ટીકસનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે અને આ વિદ્યાર્થીઓએ અન્ય તમામ યુનિવર્સિટીના એમ.એસ.સી. સ્ટેટીસ્ટીકસના વિદ્યાર્થીઓ સાથે હરિફાઈ કરી પ્રથમ અને દ્વિતીય ઈનામો મેળવેલ છે.

આ અનન્ય સિધ્ધિ માટે કુલપતિ ડૉ. બી. એ. પ્રજાપતિ તથા કુલસચિવશ્રી જે.આર.મહેતાએ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવેલ છે.

## પુસ્તક વેચાણ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનાં નીચે દર્શાવેલ સંશોધન પ્રકાશનોનું વિમોચન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મહામહિમ રાજયપાલશ્રીના વરદ હસ્તે તા. ૨૬-૨-૨૦૧૧ના રોજ કરવામાં આવેલ.

૧. સ્વર્ણિમ ગુજરાતનો સ્વપ્નદષ્ટા વીર નર્મદ. સંપાદક : ડૉ. જગદીશ ગૂર્જર (કિંમત રૂા. ૩૦૦/-) ૨. Society and Literature: Narmad in Critical Discourse Editor : Dr. Rakesh Desai (Rs. 400/-)

આ ગ્રંથો યુનિવર્સિટીના હિસાબી શાખામાંથી પ્રાપ્ય થશે.

## પરિસંવાદ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા "Role of Academic Libraries in New Environment" વિષય પર તા. ૨૯-૩-૨૦૧૧ના રોજ યોજાયેલ પરિસંવાદમાં ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન શ્રી બી.જે. અંકુયાએ 'ડિજિટલ ઈલેકટ્રોનિક લાઈબ્રેરી' શીર્ષક અંતર્ગત શોધ-પત્ર પ્રસ્તુત કર્યું હતું. આ શોધપત્રને ડૉ. મનુભાઈ જી. પટેલ, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન સંપાદિત ગ્રંથ 'ગ્રંથાલયોમાં માહિતી પ્રત્યાપન ટેકનોલોજી' (વિમોચન તા. ૨૯-૩-૨૦૧૧. ISBN 978-93-81062-71-5) માં સ્થાન મળેલ છે. જે આ ગ્રંથના પૃ. ૭-૨૦ ઉપર પ્રગટ કરવામાં આવેલ છે.

## National Conference




The Department of Public Administration, Veer Narmad South Gujarat University, Surat organized a two day national conference on "Governance and Administration in Gujarat: Retrospect and Prospect" on 26-27 March, 2011.

The conference focused on four thematic issues namely (1) RTI and Transparency in Administration; (2) ICT and e-governance; (3) Panchamrut Philosophy in Administration – issues in Education, Power, Water, People and Security; and (4) Democratic Decentralization and Local Governance.



The conference, presided over by the Hon'ble Vice-Chancellor, Prof (Dr) B.A. Prajapati, was inaugurated by Sri R.N. Das, State Chief Information Commissioner and the Key note address was delivered by Prof. C.V. Raghavulu, former Vice-Chancellor, Acharya Nagarjuna University, Guntur, Andhra Pradesh.

Sri R.N. Das, in his inaugural address, highlighted the role of the Civil Service in bringing about transformation in society through policy interventions. Prof. C.V. Raghavulu's key-note address emphasized on how Public Administration has moved away from traditional-control administration to governance and regulation, focusing on service delivery systems. Prof. B.A. Prajapati in his presidential address examined the reasons for greater private initiative under LPG on account of inefficiency in the Public Sector operations.

Sri R.N.Das also chaired the session on RTI and Transparency in Administration. The other chairpersons of different sessions were Prof. Y. Pardhasaradhi, Prof. Priyavadan M Patel and Dr. Baldev Agja and Dr. Satish Patel.



About 70 delegates (Both students, teachers & Research scholars from outside) and 40 students of the Department of Public Administration participated in the conference. Fourteen papers were presented and discussed in the thematic sessions of the conference. Prof. Priyavadan Patel presided over the valedictory function.

## M. Phil

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during March 2011

### Gujarati

1. Patel, Dineshbhai Naginbhai. માનવીની ભવાઈ નવલકથા અને ફિલ્મ : એક અભ્યાસ. (Dr.Naresh Shukla), Gujarat Arts & Commerce College, Ahmedabad.
2. Patel Nileshkumar Kantilal મધુરાય કૃત 'ચહેરા' અને ભગવતીકુમાર શર્મા કૃત 'ઊર્ધ્વમૂલ નવલકથામાં અસ્તિત્વમૂલક સમસ્યાઓનું નિરૂપણ-એક અભ્યાસ (Dr. Bharat Parikh), Smt. J. P. Shroff Arts College, Valsad.
3. Tank, Nimubahen Savajibhai. દલિત નવલકથાઓમાં આલેખાયેલી નારી સંવેદના-એક અભ્યાસ - પ્રિયતમા' ભાગ ૧-૨ (મોહન પરમાર) તથા 'તિરાડ' - (હરિશ મંગલમ્). (Dr. Rajuta C. Gandhi), J.Z.Shah Arts & H.P.Desai Commerce College, Amroli.
4. Vagani, Hetal Manharbhai. 'મળેલા જીવ' (ગુજરાતી) અને 'નિર્મલા' (હિન્દી) નવલકથાઓમાં 'નારી સંવેદનાનો' તુલનાત્મક અભ્યાસ. (Dr. Jashubhai Patel), Arts & Commerce College, Olpad.

### Economics

1. Doshi, Dipikaben Arunbhai. સામાજીક કલ્યાણ અને સામાજીક સલામતી અંગેની યોજનાઓનો એક અભ્યાસ અપોલો ટાયર્સ લિ. (બરોડા) નાં સંદર્ભમાં. (Dr. Kirti S. Zankharia), Department of Economics, V.N.G.U. Surat.

### Education

1. Damor, Kamleshkumar Valabhai. બારડોલી તાલુકાના હળપતિ સમાજના વિદ્યાર્થીઓની સમસ્યાઓ. (Dr. Ganeshbhai S. Parmar), Department of Education, VNSGU, Surat.
2. Gajera Asmitabahen Maganbhai. મંગલમ્). વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી. એડ્. કોલેજોના પ્રશિક્ષણ કાર્યક્રમો. (Dr. Jayesh A. Naik), Deptt. of Education. VNSGU, Surat.
3. Patel, Jagrutibahen Kalyanbhai, સ્વરાજ આશ્રમ, બારડોલી : એક વ્યકિત અભ્યાસ. (Dr. Ganeshbhai S. Parmar), Department of Education, VNSGU, Surat.
4. Patel Payalben Dipakbhai. શિક્ષક- પ્રશિક્ષણાર્થીઓ માટે આવશ્યક ગુણવત્તાયુકત અધ્યાપન ઘટકો : એક અન્વેષણ (Dr. Dipikabahen B. Shah), Department of Education, VNSGU, Surat.
5. Thummar, Manisha Babubhai. સુરત શહેરના બાળમજૂરો અને તેમની સમસ્યાઓ. (Dr. Jayendrasinh P. Gohil), Smt. V. R. Bhakta College of Education, Surat.

### Management

1. Patel, Vipulkumar Manubhai. A study on social services offered by Dr. Ambedkar Vanvasi Kalyan Trust. (Dr. Vinodbhai B. Patel), DBIM, VNSGU, Surat.

## Ph. D.

A list of Doctor theses accepted by Veer Narmad South Gujarat University Surat during March 2011.

### Accountancy

1. Rana, Rajesh Dhanshukhlal. Management of performing and non performing assets - A study of selected Urban Co-operative Banks in South Gujarat. (Dr. U. T. Desai), Sir K. P. College of Commerce, Surat.

### Chemical Engineering

1. Rotliwala, Yogesh Chandrakant. Resource recovery through co-pyrolysis of plastics and biomass. (Dr. P.A.Parikh), SVNIT, Surat.

### Chemistry

1. Patel, Avnishkumar Ashokbhai. Studies on novel heterocyclic compounds and their microbicidal efficacy. (Dr. A. G. Mehta), Ex. Principal, Sir P. T. Sarvajanik College of Science, Surat.

### Education

1. Indulkar, Rajendra Keshavrav. ગુજરાત રાજયની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રસાયણવિજ્ઞાન શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો એક આલોચનાત્મક અભ્યાસ. (Dr.Ganeshbhai S. Parmar), Department Education, VNSGU, Surat.

### Physics

1. Shah, Atulbhai Mohanbhai. Studies of growth parameters and qualitative analysis of barium tartrate crystal grown by gel method. (Dr. I. B. Patel), Department of Physics, VNSGU, Surat.

## Result

| | | |
|---|---|---|
| 1 | B.E Sem-3 New (Mech) | 3.66 |
| 2 | B.E Sem (TT) | 3.70 |
| 3 | B.E Sem-3 New (Comp.) | 3.85 |
| 4 | B.E. Sem-5 New (Chem) | 5.66 |
| 5 | B.E Sem-3 New (E.C) | 6.38 |
| 6 | B.E Sem-3 New (IT) | 7.69 |
| 7 | B.E. Sem-5 New (I.C) | 9.09 |
| 8 | B.E. Sem-5 New (IT) | 10.00 |
| 9 | B.E. Sem-5 New (Civil) | 10.34 |

| | | |
|---|---|---|
| 10 | B.E Sem-3 New (Chem) | 10.81 |
| 11 | B.E Sem-3 New (TT) | 11.11 |
| 12 | B.E. Sem-5 New (E.C) | 11.11 |
| 13 | B.E. Sem-5 New (Comp) | 11.59 |
| 14 | B.E. Sem-8 (Comp) | 12.50 |
| 15 | M.C.A Sem-1 (Old) | 13.79 |
| 16 | B.E. Sem-8 (Electri) | 15.38 |
| 17 | B.E Sem-3 New (TP) | 16.67 |
| 18 | B.E. Sem-8 (Chem) | 16.67 |
| 19 | B.E Sem-5 (IC) | 18.18 |
| 20 | M.Sc (IT) Sem 2 | 18.75 |
| 21 | B.E Sem (IC) | 19.23 |
| 22 | T.Y. B. Pharm. | 20.00 |
| 23 | M.R.S Sem-2 | 20.00 |
| 24 | M.Sc (IT) Sem 6 | 20.00 |
| 25 | B.E. Sem-5 (Civil) | 20.00 |
| 26 | B.C.A Sem-3 (Old) | 20.21 |
| 27 | B.E Sem-5 (IT) | 22.22 |
| 28 | B.E Sem (Chemical) | 23.40 |
| 29 | M.B.A Sem-3 (Reg) | 25.00 |
| 30 | M.B.A Sem-1 (THM) | 25.00 |
| 31 | B.E Sem-5 (Chem) | 25.29 |
| 32 | B.E. Sem-5 New (Mech) | 26.61 |
| 33 | B.E Sem-3 New (Electrical) | 27.68 |
| 34 | T.Y. B.Sc. | 27.95 |
| 35 | M.Sc Sem-1 (Com.Appl.) | 29.41 |
| 36 | L.L.B Sem-2 | 29.87 |
| 37 | B.B.A Sem-2 | 29.90 |
| 38 | M.H.R.D Sem-1 | 29.92 |
| 39 | B.E. Sem-5 New (T.P) | 30.00 |
| 40 | B.E Sem (Electrical) | 30.05 |
| 41 | B.B.A Sem-1 (Old) | 32.19 |
| 42 | M.Sc (ICT) Sem-2 | 33.33 |
| 43 | M.B.E Sem-2 | 33.33 |
| 44 | B.E. Sem-1 Div-1 | 33.33 |
| 45 | T.Y. B.Com. (Reg) | 34.17 |
| 46 | B.E Sem-5 (Comp.) | 34.40 |
| 47 | B.E. Sem-8 (E.C) | 35.29 |
| 48 | B.E. Sem-1 Div-3 | 36.44 |
| 49 | B.C.A Sem-2 | 36.45 |
| 50 | B.E Sem (Comp.) | 36.90 |
| 51 | B.B.A Sem-3 | 38.37 |
| 52 | B.B.A Sem-4 | 38.39 |
| 53 | B.E. Sem-5 (Electrical) | 39.11 |
| 54 | B. Arch Sem-6 | 40.00 |
| 55 | P.G. D.C.A -Part-Time -1 | 40.00 |
| 56 | L.L.B Sem-5 | 40.08 |
| 57 | M.C.A Sem-2 (Old) | 41.67 |
| 58 | B.E Sem (EC) | 42.03 |
| 59 | P.G. D.C.A -1 (Old - New) | 42.42 |
| 60 | B.E Sem-5 (E.C) | 42.75 |
| 61 | F.Y. B. Pharm. | 42.86 |
| 62 | M.L.W Sem-1 (Old) | 42.86 |
| 63 | P.G. D.M.L.T. | 44.44 |
| 64 | M.Sc Sem-1 (Tech) | 45.45 |
| 65 | P.G. D.C.A -2 (Old - New) | 45.45 |
| 66 | B.B.A Sem-6 | 48.89 |
| 67 | B.C.A Sem-6 | 50.00 |
| 68 | P.G. D.C.A -3 (Old - New) | 50.00 |
| 69 | B.E. Sem-8 (Mech) | 50.00 |
| 70 | B.B.A Sem-1 | 50.08 |
| 71 | B.C.A Sem-1 | 50.29 |
| 72 | M.Sc (Math/State) | 50.62 |
| 73 | M.C.A Sem-4 (Old) | 51.02 |
| 74 | L.L.B Sem-6 | 52.83 |
| 75 | B.C.A Sem-4 | 52.94 |
| 76 | T.Y. B.Com. (Ext) | 53.03 |
| 77 | B.E Sem-7 (Chemical) | 53.55 |
| 78 | B.E Sem (CiVil) | 54.05 |
| 79 | L.L.B Sem-1 | 56.58 |
| 80 | B.E. Sem-5 (Mech) | 57.80 |
| 81 | B.Physi F.Y | 58.82 |
| 82 | P.G. D.C.A -Part-Time -2 (Old) | 60.00 |
| 83 | M.H.R.D Sem-1 (Eve) | 60.87 |
| 84 | L.L.B Sem-3 | 61.51 |
| 85 | M.Sc Sem-1 (B) | 63.34 |
| 86 | T.Y. B.A. | 63.64 |
| 87 | M.Sc Sem-1 (ICT) | 63.79 |
| 88 | B.C.A Sem-3 | 64.08 |
| 89 | B.B.A Sem-5 | 64.47 |
| 90 | Opt. Sem-1 | 64.70 |
| 91 | M.B.E Sem-1 | 64.71 |
| 92 | M.B.A Sem-1 (Eve) | 65.63 |
| 93 | B. Arch Sem-1 | 65.74 |
| 94 | Pharmacy (S.Y) D to D | 66.67 |
| 95 | B.Sc (IT) Sem-5 (Old) | 66.67 |
| 96 | B. Arch Sem-8 | 66.67 |
| 97 | Opt. Sem-2 | 66.67 |
| 98 | Opt. Sem-3 | 66.67 |
| 99 | M.Sc (Applied Stat.) Sem-1 | 67.65 |
| 100 | B.E Sem (Mech) | 68.58 |
| 101 | B.Sc (IT) Sem-1 | 69.54 |
| 102 | M.C.A Sem-3 (Old) | 69.81 |
| 103 | M.H.R.D Sem-1 (Old) | 71.43 |
| 104 | B.E. Sem-5 New (T.T) | 71.43 |
| 105 | B.E Sem-7 (Electrical) | 72.16 |
| 106 | M.R.S Sem-1 (New) | 72.50 |
| 107 | M.Sc Sem-1 (Micro) | 73.58 |
| 108 | B.Sc (IT) Sem-3 | 73.73 |
| 109 | B.E Sem-7 (I.C) | 75.00 |
| 110 | M.Com Sem-1 | 76.86 |
| 111 | B.E Sem-7 (Civil) | 79.76 |
| 112 | M.B.A Sem-1 (Reg) | 79.81 |
| 113 | M.Sc Sem-2(Stat) | 80.00 |
| 114 | M.Sc Sem-1 (Biosci,Botany, Phy, MT) | 80.21 |
| 115 | BE Sem-1 (Comp) | 81.38 |
| 116 | B. Arch Sem-9 | 81.82 |
| 117 | M.B.A Sem-3 (THM) | 81.82 |
| 118 | M.A Sem-1. | 82.69 |
| 119 | B.E Sem-7 (EC) | 83.00 |
| 120 | B.C.A Sem-5 | 83.16 |
| 121 | S.Y. B. Pharm. | 83.33 |
| 122 | M.P.A Sem-1 | 83.33 |
| 123 | L.L.B Sem-4 | 83.82 |
| 124 | B. Arch Sem-3 | 84.75 |
| 125 | M.C.A Sem-5 (Old) | 86.67 |
| 126 | B.E Sem-7 (Mech.) | 87.34 |
| 127 | M.L.W Sem-1 | 87.50 |
| 128 | B. Arch Sem-5 | 89.47 |
| 129 | M.Sc Sem-1(MLT) | 90.00 |
| 130 | M.Sc Bio Sem-3 | 90.32 |
| 131 | M.Sc (ICT) Sem-3 | 91.53 |

| | | |
|---|---|---|
| 132 | B. Arch Sem-2 | 92.31 |
| 133 | B.E. Sem-6 (IC) | 93.75 |
| 134 | B.E Sem-4 New (CIVIL) | 94.12 |
| 135 | B.E Sem-7 (TP) | 94.44 |
| 136 | B.E Sem-7 (I.T) | 94.48 |
| 137 | M.L.W Sem-3 | 96.00 |
| 138 | M.H.R.D Sem-2 (Eve) | 96.15 |
| 139 | B.E Sem-4 (E.C) | 96.20 |
| 140 | M.Sc Sem-3(Stat) | 96.77 |
| 141 | M.Sc (IT) Sem-9 | 97.56 |
| 142 | M.B.E Sem-3 | 97.92 |
| 143 | B.Sc (IT) Sem-5 | 98.25 |
| 144 | B.E. Sem-6 (Comp.) | 98.34 |
| 145 | B.E. Sem-6 (Civil) | 98.36 |
| 146 | B.E. Sem-6 (Mech) | 99.25 |
| 147 | M.R.S Sem-3 | 100.00 |
| 148 | M.P.E Sem-1 | 100.00 |
| 149 | M.Ed Sem-1 | 100.00 |
| 150 | Fine Arts F.Y | 100.00 |
| 151 | M.P.A- Part Time Sem-3 | 100.00 |
| 152 | M.A. Mass Com Sem-3 | 100.00 |
| 153 | M.R.S Sem-1 (Old) | 100.00 |
| 154 | M.H.R.D Sem-3 | 100.00 |
| 155 | M.H.R.D Sem-5 (Eve) | 100.00 |
| 156 | B. Arch Sem-4 | 100.00 |
| 157 | B. Arch Sem-7 | 100.00 |
| 158 | B. Arch Sem-3 (Old) | 100.00 |
| 159 | B. Arch Sem-9 (Old) | 100.00 |
| 160 | B. Arch Sem-10 | 100.00 |
| 161 | B.E Sem-7 (T.T) | 100.00 |
| 162 | B.Physi S.Y | 100.00 |
| 163 | B.E. Sem-1 (I.C) | 100.00 |
| 164 | B.E. Sem-1 (Comp.) | 100.00 |
| 165 | B.E. Sem-1 (Chem) | 100.00 |
| 166 | B.E. Sem-1 (Civil) | 100.00 |
| 167 | B.E. Sem-6 (E.C) | 100.00 |
| 168 | B.E. Sem-6 (Chemical) | 100.00 |
| 169 | B.E. Sem-6 (IT) | 100.00 |
| 170 | B.E. Sem-6 (T.P) | 100.00 |
| 171 | B.E. Sem-6 (T.T) | 100.00 |
| 172 | B.E. Sem-6 (Electrical) | 100.00 |
| 173 | B.E. Sem-8 (IT) | 100.00 |
| 174 | B.E Sem-1 (T.T) | 100.00 |
| 175 | B.E Sem-1 (T.P) | 100.00 |
| 176 | B.E Sem-1 (I.T) | 100.00 |
| 177 | B.E Sem-4 (Electrical) | 100.00 |
| 178 | B.E Sem-4 (Mech.) | 100.00 |
| 179 | B.E Sem-4 New (Mech) | 100.00 |
| 180 | B.E Sem-4 New (EC) | 100.00 |
| 181 | B.E Sem-4 New (T.T) | 100.00 |
| 182 | B.E Sem-4 New (I.T) | 100.00 |
| 183 | B.E Sem-4 New (T.P) | 100.00 |
| 184 | B.E Sem-4 New (I.C) | 100.00 |
| 185 | B.E Sem-4 New (Electrical) | 100.00 |
| 186 | B.E Sem-4 New (Chemical) | 100.00 |
| 187 | B.E Sem-4 New (Comp.) | 100.00 |
| 188 | M.Sc Sem-3 (Env) | 100.00 |

# કોલેજ ન્યૂઝ

## મુલાકાત

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતના શૈક્ષણિક વર્ષ-૨૦૧૦-૧૧ના તાલીમાર્થીઓ તથા અધ્યાપકો દ્વારા કતારગામ બાળાશ્રમની મુલાકાત યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળાશ્રમના બાળકોને પ્રેરણા અને માર્ગદર્શન મળે તે માટે તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે ત્યાંના બાળકોના વિકાસ માટે માર્ગદર્શન આપ્યું હતું. સંસ્થા અને તાલીમાર્થીઓના સહયોગ વડે બાળાક્રમ સંસ્થાના બાળકો માટેની આવશ્યકતા પૂર્ણ કરવામાં આવી હતી અને સંસ્થાને ભેટ અર્પણ કરી હતી.

## ઈનામ વિતરણ

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્, સુરતમાં ઈનામ વિતરણ અને વિદાય શુભેચ્છા સમારંભ યોજાયો હતો. જેમાં ઉદ્ઘાટક તરીકે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષી તથા અતિથિ વિશેષ તરીકે ભગવતીબેન કાજીવાલા, બી.સી.એ.ના કેમ્પસ ડાયરેક્ટર શ્રીમતી સુમતિબેન શિનોય, કોમર્સના ઈ.ચા. આચાર્યા ડૉ. વૈશાલીબેન પટેલ, સંસ્થાના નિયામકશ્રી ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે આવકાર પરિચય અને પુષ્પગુચ્છ વડે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ભગવતીબેન કાજીવાલા અને શ્રીમતી નીમાબેન જોષીએ પ્રાસંગિક ઉદ્બોધન કરી તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર વર્ષ દરમિયાન થયેલ સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ અને યુનિવર્સિટીની પરીક્ષામાં વધુ ગુણ મેળવનાર તાલીમાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા હતાં.

## અધિવેશન




ફોરમ ઓફ ધ ટીચર્સ ઓફ ઈકોનોમિકસ (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર)નું ૩૨મું અધિવેશન એમ.કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચના યજમાનપદે તા. ૬-૩-૨૦૧૧ના રોજ યોજાયેલ. "ગુજરાત રાજયનો સામાજિક-આર્થિક વિકાસ-૫૦ વર્ષની વિકાસગાથા" વિષય પર ડૉ. રોહિતભાઈ શુકલે ચાવીરૂપ પ્રવચન આપેલ. આ વિષય પર અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા ૨૮ જેટલા શોધપત્રો તૈયાર કરી રજૂ કરવામાં આવેલ. તદ્પરાંત જૂથ ચર્ચામાં ડૉ. રોહિતભાઈ શુકલ, પ્રા. સૂર્યકાંતભાઈ શાહ, પ્રા. હેમંતભાઈ શાહ, ડૉ. હિંમતભાઈ પટેલ, ડૉ. સુભદ્રા રઘોથામને "ઉચ્ચ શિક્ષણના પ્રશ્નો" ઉપર વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે વિનયન વિદ્યાશાખાના ડિન ડૉ. જે.એમ. ગૂર્જર ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં ડૉ. કે.એમ. પંડયા તથા કોલેજના આચાર્યનું મહત્વપૂર્ણ યોગદાન રહયું હતું.

## સન્માન



શ્રીમતી જી. એન. પંડયા બી. એડ્. કોલેજ, ભેસ્તાનના ઈન્ચાર્જ આચાર્યાશ્રી કુ. બિન્નીબેન મહેતાને એમ.એડ્.કક્ષાએ કરેલ લઘુશોધનિબંધ "સુરત શહેરની માધ્યમિક શાળાઓમાં ચાલતી સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિઓનો અભ્યાસ" માટે ગુજરાતના રાજયપાલશ્રી ડૉ. કમલાદેવીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યાં છે. તેમણે કરેલ આ સંશોધન એ રાજય તથા ભારતકક્ષાએ આ વિષય પર થયેલ એકમાત્ર સંશોધન છે. રાજયપાલના હસ્તે સન્માનિત થઈને આચાર્યાશ્રીએ કોલેજનું ગૌરવ વધાર્યુ છે. સિદ્ધિ બદલ ટ્રસ્ટીશ્રી તથા કોલેજ પરિવાર તેમને અભિનંદન પાઠવે છે.

## પુસ્તક પ્રદર્શન




તા. ૧૨-૧૨-૨૦૧૦ના રોજ સર પી. ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતની લાઈબ્રેરીએ ૭૨ વર્ષ પૂર્ણ કર્યા. આ પ્રસંગની ઊજવણીના ભાગરૂપે ગ્રંથપાલશ્રી કુમારી નીલાબેન રાજયગુરુના માર્ગદર્શન તળે વિદ્યાર્થીઓ તથા ગ્રંથાલયના કર્મચારીઓએ તા. ૨૧-૨૩ ડિસેમ્બર ૨૦૧૦ સુધી પુસ્તક પ્રદર્શનનું આયોજન કર્યુ હતું. ડૉ. ડી.એમ. પટેલના હસ્તે દીપ પ્રાકટય અને વિદ્યાર્થીઓએ સરસ્વતી વંદના કરી હતી.

## સેમિનાર

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં કેરીયર ગાઈડન્સ સેલના ઉપક્રમે યોજાયેલ કેરીયર ગાઈડન્સ સેમિનારમાં ૨૦૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે સેમિનારનું મહત્વ સમજાવતાં હકારાત્મક અભિગમની વાત કરી હતી. પ્રા. દિપેશ શાહે 'એજયુકેશન'નું મહત્વ ઉદાહરણો સહિત સમજાવ્યું હતું. એમ.બી.એ.ની જી-સેટ પરીક્ષા અંગે શ્રી મિકીન શાહે વકતવ્ય આપ્યું હતું તથા કોલેજોમાં ચાલતા અભ્યાસક્રમો અંગે માહિતી આપી હતી. તદ્‌પરાંત જી-સેટ ટેસ્ટનું ઓનલાઈન ડેમોસ્ટ્રેશન કર્યું હતું. શ્રી મનન શાહે સી.એ. અભ્યાસક્રમ અંગે વિગતવાર માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે પણ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રિ. ડૉ. જે.એમ. નાયક, શ્રી વી.એમ. કેવત તથા પ્રા. એમ.જી. પટેલ દ્વારા મહેમાનોને પુસ્તકો અને મિમેન્ટો અર્પણ કરવામાં આવ્યાં હતાં. ભાગ લેનાર સૌને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં.

## વિચારસત્ર




કીમ એજયુકેશન સોસાયટી સંચાલિત શ્રી પી.એચ. ઉમરાવ કોલેજ ઓફ આર્ટ્સ - કોમર્સ, કીમ તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ૨૬,૨૭,૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૧ દરમિયાન કવિ ઉમાશંકર જોશી જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે 'વિચારસત્ર' ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી ભગવતીકુમાર શર્માના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયું. રાજસ્થાની લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી રમેશ થાનવીના વરદહસ્તે મંગલદીપ પ્રગટાવીને 'વિચારસત્ર' ઉદ્‌ઘાટિત કરાયું હતું. જયારે જાણિતા પત્રકાર-ચિંતક શ્રી પ્રકાશ ન. શાહે વિચારસત્રનું બીજરૂપ વકતવ્ય આપ્યું હતું. રાત્રી બેઠકમાં મુંબઈના ઉદય મજુમદાર, રેખા ત્રિવેદી અને સંગીતવૃંદે ઉમાશંકર જોશીના ગીતોને ગીત-સંગીત વિશેષ કાર્યક્રમ દ્વારા પ્રસ્તુત કર્યા હતા. 'વિચારસત્ર'ની બીજી બેઠક ૨૭-૨ ના રોજ શિરીષ પંચાલના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમણે ઉમાશંકર જોશીના સર્જક વ્યકિતત્વની ચર્ચા કરી હતી. રાજેશ પંડયાએ ઉમાશંકર જોશીની કવિતા વિશે, ઉમાશંકર જોશીના નાટકો વિશે સતીશ વ્યાસે તથા શરીફાબેન વીજળીવાળાએ ઉમાશંકર જોશીની વાર્તાઓમાં રહેલી નાટયાત્મક, બોલીના ઉપયોગ જેવી વિશેષતાઓની ચર્ચા કરી હતી. ત્રીજી બેઠક રોહિત શુકલના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમણે કેળવણીકાર ઉમાશંકર જોશી વિષય પર વકતવ્ય આપતાં જણાવ્યું કે ઉમાશંકર જોશીએ 'સંસ્કૃતિ' સામયિક દ્વારા શિક્ષણનું કામ કર્યું છે. આ બેઠકમાં હેમંત દવેએ 'પુરાણોમાં ગુજરાત' પુસ્તક વિશે વિગતે ચર્ચા કરતાં, ઈતિહાસકાર ઉમાશંકર જોશી વિશે વકતવ્ય આપ્યું હતું તથા શ્રી યજ્ઞેશ દવેએ 'ઉમાશંકર જોશીની પર્યાવરણ સંવેદના' વિશે વકતવ્ય આપ્યું હતું. ચતુર્થ બેઠક પ્રકાશ ન. શાહના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં ઉમાશંકર જોશીના સાહિત્યનાં દલિત અસ્મિતા વિષય પર વકતવ્ય મણિલાલ હ. પટેલે આપ્યું હતું. 'નારી અસ્મિતા અને ઉમાશંકર જોશી' વિષય પર વકતવ્ય હિમાંશીબેન શેલતે આપ્યું હતું. શ્રી ગણેશ દેવીએ ઉમાશંકર જોશીની બહુમુખી પ્રતિભાની ચર્ચા કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં કપિલદેવ શુકલ દિગ્દર્શિત 'થેન્કયુ મિસ્ટર ગ્લાર્ડ' નાટક શ્રોતાઓએ માણ્યું હતું. પાંચમી બેઠક ૨૮ ફેબ્રુઆરીના રોજ શ્રી અચ્યુત યાજ્ઞિકના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ બેઠકમાં ઉમાશંકર જોશીની સામાજિક નિસ્બત વિષય પર વકતવ્ય આપતાં ઉર્વિશ કોઠારીએ કહયું કે ઉમાશંકર જોશી અનામતના તરફદાર હતા. પૂણ્યપ્રકોપી સત્યાગ્રહી ઉમાશંકર જોશી વિશે વકતવ્ય જાણીતા કર્મશીલ મનીષિ જાનીએ આપ્યું હતું તથા નાગરિક ચેતનાના ઘડવૈયા ઉમાશંકર જોશી વિષય પર મુંબઈના રમેશ ઓઝાએ વકતવ્ય આપ્યું હતું. સમાપન બેઠકમાં વિદ્યાર્થીઓએ પ્રતિભાવ આપ્યા હતાં. કીમ એજયુકેશન સોસાયટીના ટ્રસ્ટી નટવરસિંહ ઠાકોરે આભાર વ્યકત કર્યો હતો.

## વાચન વિશેષ

### પુસ્તક પરિચય

**Society and Literature : Narmad in Critical Discourse**

Editor : Dr. Dr. Rakesh Desai
Publisher : Veer Narmad South Gujarat University, Surat
26-2-2011. p. 408 Rs. 400
ISBN 978-81-921045-0-8

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના એક ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યુગપુરુષ નર્મદે કરેલા સાહિત્યસર્જન તેમજ સમાજ સુધારણા સંદર્ભે થયેલા બહુમૂલ્ય પ્રદાનના સારસ્વતોના ગુજરાતી ભાષાના સંશોધિત લેખોનો અંગ્રેજી અનુવાદ આ ગ્રંથમાં સમાવિષ્ટ છે. આ ગ્રંથ થકી યુનિવર્સિટીએ નર્મદને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રજ્વલિત કર્યો છે. ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો પૈકી મણિલાલ ન. દ્વિવેદી, આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, નાનાલાલ, અનંતરાય મ. રાવલ બ.ક.ઠાકોર, ક.મા.મુનશી, ઉમાશંકર જોશી, લીલાવતી મુનશી, ગુલાબદાસ બ્રોકર, સરોજ પાઠક, નવલરામ લ. પંડયા, સુન્દરમ, ઉશનસ, દિલાવરસિંહ જાડેજા, જયંત પાઠક, યશવંત શુકલ, રવીન્દ્ર પારેખ, ર.મ.શુકલ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, રમણલાલ જોશી, પ્રમોદકુમાર પટેલ, વિ.મ.ભટ્ટ, ભગવતીકુમાર શર્મા અને જશવંત શેખડીવાલાના ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થયેલા લેખોનો અનુવાદ જુદા જુદા વિદ્વાનોએ કર્યો છે. આ ગ્રંથ Socio-biographical, Poetry, Prose, Literary Criticism, Socioliterary Context જેવા અલગ અલગ વિભાગોમાં સમાવિષ્ટ છે.

આ ગ્રંથના Socio-biographical વિભાગમાં Darshna Trivedi, Bhavin Purohit, Nutan Damor, Rupalee Burke, Piyush Joshi, Daxa Vamdatt, Sachin Ketkar, Poetry વિભાગમાં Piyush Joshi, Nutan Damor, Rakesh Desai, Kamal Mehta, Ami Prajapati, Prose વિભાગમાં Hemang A Desai, Rucha A. Brahmabhatt, Mihir Mori, Rakesh Desai, Literary Criticism વિભાગમાં Rakesh Desai, Rucha A. Brahmabhatt, Rupalee Burke, Darshana Trivedi, તથા Socio-literary Context વિભાગમાં Sachin Ketkar, Sonal Vaidya-Kulkarni, Amit Prajapati તથા Rakesh Desai અનુવાદિત લેખોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ ગ્રંથનું વિમોચન તા. ૨૬-૦૨-૨૦૧૧ના રોજ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ ગ્રંથનું સંપાદન તથા અન્ય આનુષંગિક કાર્ય યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના વડા ડૉ. રાકેશ દેસાઈ દ્વારા સુપેરે સંપન્ન થયેલ છે. જે અભિનંદનને પાત્ર છે. ગુજરાતની યુનિવર્સિટીઓનાં ગ્રંથાલયો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને નર્મદ સંબંધિત સંશોધન કરતા સૌ કોઈએ આ ગ્રંથ વસાવવો રહયો.

બી. જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

---

पहले तो विद्यार्थी के रुप में मैं सिर्फ अपने लिए स्वतंत्रा चाहता था, इस तरह की क्षणिक स्वतंत्रताएँ, जैसे रात को बाहर रहना, मनचाही चीज पढना और मनचाही जगह जाना । बाह में जोहान्सबर्ग में युवावस्था में मैं मूलभूत और गरिमामयी स्वतंत्रताओं की आकांक्षा करने लगा, जैसे अपनी संभावना तक पहुँचना, अपनी क्षमता के अनुरुप पैसे कमाना, विवाह करना और परिवार बनाना – कानूनसम्मत जीवन में बाधा न रहने की स्वतंत्रता । लेकिन धीरे-धीरे मैंने देखा कि न सिर्फ मैं स्वतंत्र नहीं हूँ, बल्कि मेरे भाई-बहन भी स्वतंत्र नहीं थे... तब मेरी खुद की स्वतंत्रता की भुख मेरे लोगों की स्वतंत्रता की ज्यादा बडी भूख बन गई ।

मेरे लोग अपना जीवन गरिमा और आत्म-सम्मान के साथ जिएँ, इसकी स्वतंत्रता की यह आकांक्षा ही मेरे जीवन को प्रेरित करने लगी । इसी ने एक डरे हुए युवक को साहसी युवक बना दिया । इसी ने कानून की राह पर चलने वाले एक वकील को अपराधी बनने पर मजबूर किया । इसी ने परिवार से प्रेम करने वाले एक पति को बेघर कर दिया ... मैं बाकी लोगों से ज्यादा पवित्र या त्यागी नही हूँ, लेकिन मैंने पाया कि मैं उन कमजोर और सीमित स्वतंत्रताओं का भी आनंद नही ले सकता, जिनकी मुझे इजाजत दी गई थी, जब मैं जानता था कि मेरे लोग स्वतंत्र नहीं हैं ।

नेल्सन मंडेला

### વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અધતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે

બી.જે. અંકુયા
તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

---

શ્યામજી કૃષ્ણ વર્માનો આત્મા, ભારતના ક્રાંતિવીરોનો આત્મા જયાં પણ હશે ત્યાં તેમને ગૌરવ થશે કે ભારતના પશ્ચિમી દરિયાકાંઠે એક પ્રદેશમાં ક્રાંતિતીર્થ જેવું સ્થળ પણ છે, જયાં દેશના આઝાદીના સંગ્રામના શહીદોનું આદર સન્માન થઈ રહયું છે, તે ભારતના આઝાદી સંગ્રામના ક્રાંતિકારીઓના સપનાં સાકાર કરનારું તીર્થ બની રહેશે.

આ ગુજરાતની સ્વર્ણિમ જયંતીનું વર્ષ છે. શ્યામજી કૃષ્ણ વર્મા ભારતમાતાના એવા ભકત હતા જેમની સ્વામી વિવેકાનંદ, લોકમાન્ય તિળક, સ્વામી દયાનંદ સરસ્વતી જેવા યુગપુરૂષો અને વીર સાવરકર જેવા ક્રાંતિકારીઓએ પણ પ્રશંસા કરી હતી.

નરેન્દ્ર મોદી

**VNSGU**
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com